ગાંધીનગર સમાચાર



# જિલ્લામાં તળાવ ભરવાની યોજના અદ્ધરતાલ ૨૦૦ તળાવો, ૩૦૦ ચેકડેમ ખાલી

**હેન્ડપંપ હાંફવા લાગતાં આગામી સમયમાં પાણીના પોકારની દહેશત, ૭ લાખથી વધુ મૂંગા પશુધન માટે પીવાના પાણીની હાલાકીના એંધાણ**

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૦૩

જળ એ જીવન હોવાથી રાજ્ય સરકાર દ્વારા સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ચોમાસામાં ફોગટમાં વહી જતા પાણીને સંગ્રહીત કરવા માટે જળ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું પરંતુ ગ્રામ્ય વિસ્તારોમાં કરોડોના આંધણ પછી પણ જળસંચયને ૧૦૦ ટકા સફળતા મળી ન હોય તેવી સ્થિતિ ઉનાળાના આરંભે સામે આવી છે. જિલ્લામાં ઉનાળા પૂર્વે ૨૦૦ તળાવ અને ૩૦૦ થી વધુ ચેકડેમ તળીયા ઝાટક થયા છે. ગામડાઓમાં હેન્ડપંપ હાંફવા લાગતાં આગામી સમયમાં પાણી પાણીના પોકારો શરૂ થવાની દહેશત છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં નદી, તળાવ, ચેકડેમ તળીયા ઝાટક થઈ જતાં બંન્ને જિલ્લાના ૭ લાખથી પણ વધુ મૂંગા પશુધન માટે પીવાના પાણીની વિકટ



સમસ્યાના એંધાણ છે.

જિલ્લામાં આ વર્ષે ચોમાસા દરમ્યાન સાર્વત્રિક મેઘમહેર થતાં નદી, તળાવ અને ચેકડેમ જળતરબોળ થવાની સાથે જીવાદોરી સમાન ગણાતા જળાશયોમાં પાણીનો જથ્થો સંગ્રહીત થતાં તંત્રએ તેમજ પ્રજાએ પણ હાશ અનુભવી હતી. ઉપરવાસમાં વરસેલા સારા વરસાદથી જળાશયોમાં પાણીનો મહત્તમ જથ્થો જળવાયો છે જેથી ઉનાળામાં પાણીની કોઈ સમસ્યા નહીં ઉદ્ભવે તેવું તંત્ર ખોંખારીને બોલી રહ્યું છે પરંતુ જે રીતે ઉનાળા પૂર્વે જ તળાવ ભરવાની યોજના અદ્ધરતાલ રહી છે તે જોતાં પીવાના પાણીના પોકારો સંભળાય તો કદાચ નવાઈ નહીં હોય. નર્મદાના જળથી તળાવો ભરવાની યોજના અમલમાં મૂકવામાં આવી છે પરંતુ ગામડાંના હજારો તળાવો સુધી પાણીનું એક ટીપું પણ પહોંચી શક્યું નથી. હાલની સ્થિતિએ ૨૦૦ થી વધુ તળાવ તેમજ ૩૦૦ ચેકડેમમાંથી પાણી સૂકાઈ જતાં કોરા ધાક્કોર બની ગયા છે. ગામડામાં ચારો ચરવા જતું મૂંગુ પશુધન તળાવ અને ચેકડેમમાં પાણી પીવા માટે જાય તો નિશાસા નાખીને પરત ફરતું હોય છે. હજુ તો ઉનાળો આક્રમક સ્વરૂપમાં શરૂ થયો નથી ત્યાં નદી, તળાવ, ચેકડેમ તળીયા ઝાટક થયા પછી હવે હેન્ડ પંપ પણ હાંફવા લાગતાં મેં. માસમાં પીવાના પાણીની મુશ્કેલી ઉભી થશે તેવું ચિત્ર ઉપસ્યું છે.

# બાયડમાં બી.એસ.એન.એલ.નું કસ્ટમર સર્વિસ સેન્ટર બંધ કરાતાં ગ્રાહકો હેરાન પરેશાન

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૦૩

બાયડમાં બી.એસ.એન.એલ. દ્વારા કસ્ટમર સર્વિસ સેન્ટર બંધ કરવામાં આવતાં ગ્રાહકો હેરાન પરેશાન થઈ ગયા છે. ભારતીય દૂરસંચાર નિગમમાં મોટાપાયે કર્મચારીઓ નિવૃત્તિ લઈ લેતાં સ્ટાફની અછત વચ્ચે ગ્રાહકોને સુવિધા આપતું સેન્ટર એકાએક બંધ થવાના કારણે ગ્રાહકોને બી.એસ.એન.એલ.નું સીમકાર્ડ બદલવું હોય તો મોડાસાનો ધક્કો થઈ રહ્યો છે. જ્યારે લેન્ડલાઈન ફોનનું બીલ ભરવામાં પણ હાલાકી શરૂ થઈ છે. બી.એસ.એન.એલ.ના ઉચ્ચ અધિકારીઓ બંધ કસ્ટમર સર્વિસ સેન્ટર ફરીથી શરૂ કરાવે તેવું બી.એસ.એન.એલ.ના ગ્રાહકો ઈચ્છી રહ્યા છે.

ભારતીય દૂરસંચાર નિગમની કામગીરી હંમેશાં વગોવાતી આવી છે. છેલ્લા કેટલાક સમયથી મોટાપાયે બી.એસ.એન.એલ.ના કર્મચારીઓએ વી.આર.એસ. લઈ લીધા પછી સેવાઓ વધુ ને વધુ કથળી છે. ગ્રાહકોને યોગ્ય સેવાઓ મળતી ન હોવાથી જે અધિકારીઓ ફરજ બજાવી રહ્યા છે તે પણ કામના ભારણ હેઠળ આવી જાય તેવી સ્થિતિ પેદા થઈ છે. બાયડના ગાબટ રોડ ઉપર બી.એસ.એન.એલ.ની કચેરીમાં ગ્રાહકોને સુવિધા આપવાના આશય સાથે કસ્ટમર સર્વિસ સેન્ટર શરૂ કરવામાં આવતાં મોબાઈલ તેમજ લેન્ડલાઈન ટેલિફોનના ગ્રાહકો તેનો મહત્તમ લાભ લેતા હતા પરંતુ દોઢ વર્ષ અગાઉ સ્થાનિક કચેરીમાં ૬ જેટલા કર્મચારીઓએ વી.આર.એસ. લઈ લીધા પછી કર્મચારીઓની ઘટ પૂરવામાં આવી ન હોવાથી કસ્ટમર સર્વિસ સેન્ટરની સેવાઓ બંધ કરી દેવામાં આવી છે.

**સીમકાર્ડ બદલવા મોડાસાનો ધક્કો, લેન્ડલાઈન ફોનનું બીલ ભરવામાં હાલાકી**

સ્થાનિક બી.એસ.એન.એલ.ના મોબાઈલ ધારકનું કોઈ કારણસર સીમકાર્ડ ક્ષતિગ્રસ્ત થાય તો બદલવા માટે મોડાસાની કચેરી સુધી ધરમ ધક્કો ખાવો પડતો હોય છે. જ્યારે લેન્ડલાઈન ફોનની સંખ્યા ૫૦૦થી વધુ હોવા છતાં કસ્ટમર સર્વિસ સેન્ટર ન હોવાથી ટેલિફોન બીલ ભરવામાં ગ્રાહકો મુશ્કેલી અનુભવી રહ્યા છે. બી.એસ.એન.એલ.ની સેવાઓનો વિસ્તાર થવો જોઈએ પરંતુ વિક્સિત શહેરમાં કોઈપણ કારણોસર બી.એસ.એન.એલ. દ્વારા ગ્રાહકોની સેવાઓ ઉપર આ પ્રકારે કાપ મૂકવામાં આવતો હોવાથી ગ્રાહકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

# જિલ્લામાં ચૂંટણી પરિણામોએ સાબિત કર્યું સત્તા કોઈની જાગીર નથી

**રાજકીય પીઠબળ ધરાવતા ઉમેદવારોને ઝાકારો, ખેડબ્રહ્મા ભિલોડાના ધારાસભ્યોને પુત્ર મોહ ભારે પડ્યો, પરાજય**

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૦૩

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપે ગામે ગામ સત્તા હાંસલ કરી હોય તેવી સ્થિતિ છે. જ્યારે કોંગ્રેસને મતદારોએ રામ રામ કરી દીધા છે. ગત રોજ જાહેર થયેલા પરિણામોએ સાબિત કર્યું છે કે સત્તા કોઈની કાયમી જાગીર નથી. રાજકીય પીઠબળ ધરાવતા અનેક ઉમેદવારોને મતદારોએ ઝાકારો આપ્યો છે. જિલ્લામાં ખેડબ્રહ્મા અને ભિલોડાના ધારાસભ્યોને પુત્ર મોહ ચૂંટણીમાં ભારે પડતાં બંન્નેનો કારમો પરાજ્ય થયો છે. જિલ્લા-તાલુકા પંચાયતની બેઠકો તો ઠીક પરંતુ પાલિકાના વિસ્તારોમાં પણ સત્તાના મધમાં રાચનારાઓને મતદારોના મિજાજથી તમતમતો તમાચો પડ્યો છે.

કોરોનાના કપરા કાળમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જાહેર થતાં સરકારનું તમામ વહીવટી તંત્ર બંન્ને જિલ્લામાં ન્યાયી અને મુક્ત વાતાવરણમાં ચૂંટણી યોજવા કટીબદ્ધ બન્યું હતું. ગત રવિવારે યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં પોલીસનો ચૂસ્ત સુરક્ષા પ્રબંધ છતાં ઠેર ઠેર ઘર્ષણના બનાવો સામે આવ્યા હતા જેમાં ચૂંટણી પરિણામના દિવસે કોંગ્રેસનાં મતદારોએ સૂપડાં સાફ કરી ભાજપને સૂકાન સોંપ્યું છે. સ્થાનિક સ્વરાજ્યની દરેક ચૂંટણીઓમાં સામાન્ય રીતે રાજકીય પક્કડ ધરાવતા પરિવારોના ફરજંદોને ઉભા રાખી મતદારો ઉપર પ્રભાવ પાડવાના પ્રયાસ થતા હોય છે જેમાં આ વખતે પણ શામ, દામ અને દંડની નીતિ અપનાવી પોતાને રાજકીય પંડીત માનનારા પરિવારોએ તેમનાં સંતાનોને સત્તા સોંપવા માટે ઉધામા કરી ટીકીટો અપાવી હતી પરંતુ મતદાનના દિવસે મતદારોએ તેમને ઝાકારો આપવાનું પૂરેપૂરૂ મન બનાવી મતદાન કર્યું હતું જેમાં મોટાભાગના રાજકીય આગેવાનોના સંતાનોને હારનો સામનો કરવો પડયો છે. ખેડબ્રહ્મા અને ભિલોડાના ધારાસભ્યોએ પણ સંતાનોને સત્તા સોંપવા માટે એડી ટોચનું જોર લગાવી ચૂંટણી ઉભા રાખ્યા હતા પરંતુ મતદારોએ સાબિત કરી બતાવ્યું છે કે સત્તા કોઈની કાયમી જાગીર નથી. જિલ્લા, તાલુકા તેમજ પાલિકાના જાહેર થયેલા પરિણામોમાં પણ ફરીવાર આ હકીકત સિદ્ધ થઈ છે.

## બ્લેક ટ્રેપ ટ્રક ટ્રાન્સપોર્ટેશન દ્વારા એક ટન પર ૭૦ રૂ. વધારાની માંગણી

સાબરકાંઠા અરવલ્લી

કપડવંજ બ્લેક ટ્રેપ ટ્રક ટ્રાન્સપોર્ટેશન દ્વારા અચોકસ મુદત સુધી હડતાળ પડાઈ છે જેમાં તેમને ડીઝલ નાભાવ વધતા માગણી કરી છે કે એક ટન પર ૭૦ રૂપિયા નો વધારો કરવામાં આવે ધનસુરા પાસે આવેલ દર્શન હોટલમાં મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આ નિર્ણય કરવામાં આવ્યો છે જો આ માગણી સ્વીકારવા માં આવશે તો આગામી સમય માં હટતાળ પૂરી થઈ શકશે ટ્રાન્સપોર્ટેશન ટ્રક જેવો કપચી રેતી માટીનું કામ કરતા ટ્રક માલિકો એ તેમની ગાડી ના પૈડા અચોકસ મુદત સુધી થંભાવી દીધા છે ડીઝલ ના ભાવ વધતાં અત્યારે ની પરિસ્થિતિ ધ્યાનમાં લેતા ડીઝલનો ભાવ ડીઝલનો ભાવ ૮૯ રૂપિયાની આસપાસ પોચવા આવ્યો છે.

# બાયડના વેપારીનું કિશોરપુરા નજીક માર્ગ અકસ્માતમાં કરૂણ મોત, પત્નિ-બાળકીને ગંભીર ઈજા

**બાયડના કચ્છી પાટીદાર સમાજમાં માતમ છવાયો**

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૦૩

બાયડના વેપારીનું ધનસુરાના કિશોરપુરા નજીક માર્ગ અકસ્માતમાં કરૂણ મોત નિપજતાં બાયડના કચ્છી પાટીદાર સમાજમાં માતમ છવાયો છે. જ્યારે મૃતકના પત્નિ અને બાળકીને ગંભીર ઈજા પહોંચતાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા છે. શીકા-હિંમતનગર હાઈવે ઉપર બેફામ દોડતા મોટા વાહનોએ નાના વાહન ચાલકોની જીંદગી જોખમમાં મૂકી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડમાં નિલમ કિરાણા સ્ટોર્સ ધરાવતા અનિલભાઈ પટેલના પુત્ર દિગંત પટેલ અને તેમનો પરિવાર બુધવારે સામાજીક કામ અર્થે કાર લઈ હિંમતનગર તરફ જઈ રહ્યા હતા ત્યારે કિશોરપુરા નજીક યમદૂત બનીને આવેલી ટ્રકે કારને ટક્કર મારતાં કારનો કડુચલો વળી






ગયો હતો. ગમખ્વાર અકસ્માતમાં કારના બે ટૂકડા થયા હતા. જ્યારે ચાલક દિગંત પટેલનું ઘટના સ્થળે કરૂણ મોત નિપજ્યું હતું. મદદ માટે આવેલા લોકોએ ઈજાગ્રસ્ત મહિલા અને બાળકીનો તાબડતોબ સારવાર માટે મોકલી આપ્યા છે. બનાવ અંગે નટવરભાઈ છગનભાઈ પટેલની ફરિયાદના આધારે ધનસુરા પોલીસે ટ્રકચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# સાબરકાંઠા જિલ્લા પંચાયત સભાખંડ ખાતે 'વર્લ્ડ બર્થ ડિફેક્ટ ડે'ની ઉજવણી કરાઈ

હિંમતનગર, તા.૦૩

વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા તા.૦૩ માર્ચ ને " વર્લ્ડ બર્થ ડિફેક્ટ ડે ' તરીકે ઉજવવાનું નક્કી




કરવામાં આવ્યું હતું જે અંતર્ગત આજરોજ તા.૦૩/૦૩/૨૦૨૧ રોજ 'સાબરકાંઠા જિલ્લા પંચાયત સભાખંડ ખાતે " વર્લ્ડ બર્થ ડિફેક્ટ ડે ' ની ઉજવણી કરવામાં આવી હતી.

સાબરકાંઠા જિલ્લામાં જિલ્લા વિસ્તારના જન્મજાત ખોડખાંપણ સાથે જન્મેલ બાળકોને " શાળા આરોગ્ય – રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ" અંતર્ગત સારવાર પુરી પાડવામાં આવેલ ન્યુરલ ટ્યુબ ડિફેક્ટ, ડાઉન્સ સિન્ડ્રોમ, ક્લેફ્ટ લીપ અને પેલેટ, ક્લબફુટ, ડેવલપમેન્ટલ ડિસ્પ્લેસિયા ઓફ હિપ, જન્મજાત મોતિયો, જન્મજાત બધિરતા, જન્મજાત હૃદયરોગ, રેટિનોપથી ઓફ પ્રિમેચ્યોરીટી અને અન્ય ખોડખાંપણ વાળા બાળકોને તેઓના માતા પિતા સાથે બોલાવીને તેઓના આ કાર્યક્રમ અંતર્ગત મેળવેલ સારવાર બાબતના અભિપ્રાયો લેવામાં આવ્યા હતા.

વિશેષમાં સમગ્ર વર્ષ દરમ્યાન આ કાર્યક્રમ અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી કરનાર જિલ્લાની આર.બી.એસ.કે.ટીમોના આયુષ તબીબ, ફાર્માસિસ્ટ તેમજ એ.એન.એમ.ને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવેલ. તદઉપરાંત જિલ્લામાં બર્થ ડિફેક્ટ ની ઉત્કૃષ્ઠ કામગીરી કરનાર દિવ્યાંગ બાળકોની સંસ્થા, મોતીપુરા, જી.આઈ.ડી.સી., હિંમતનગર તથા જી.એમ.ઈ. આર. એસ. મેડિકલ કોલેજ, હિંમતનગરના ઓર્થોપેડિક સર્જન ડો. રસિક ડાભી તથા બાળરોગ નિષ્ણાતશ્રી , ડો. દિલિપ નિનામાનું તેઓની ઉત્કૃષ્ઠ સેવાઓ બદલ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. રાજેશ પટેલ, જિલ્લા આર.સી.એચ. અધિકારી ડો. જયેશ પરમાર, પ્રોગ્રામ ઓફિસર, તેજલ ગોસ્વામી તથા જિલ્લાના પ્રોગ્રામ ઓફિસરો તેમજ જિલ્લાની આર.બી.એસ.કે. ટીમોના આયુષ તબીબી ટીમના સભ્યો સહિત ઉપસ્થિત રહેલ તેમજ "શાળા આરોગ્ય – રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ" અંતર્ગત સારવાર મેળવેલ લાભાર્થીઓ પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## દુ:ખદ અવસાન

બાયડના વેપારી આગેવાન, સાંઈવિલા સોસાયટીમાં રહેતા અનિલભાઈ પટેલ (નિલમ કિરાણા સ્ટોર્સ-બાયડ) (વજેપુરા કંપાવાળા)ના પુત્ર દિગંત પટેલનું



માર્ગ અકસ્માતમાં મોત નિપજતાં બાયડ સહિત સમગ્ર પંથકમાં શોક છવાયો હતો. સ્વર્ગસ્થની અંતિમ યાત્રામાં અનેક લોકો જોડાયા હતા.



**સરડોઈમાં માતાજીની જાતર યોજાઈ**

મોડાસા તાલુકાના સરડોઈમાં માનસિંહ સવનાથસિંહ રહેવરના પરિવાર દ્વારા માતાજીની ભવાઈ જાતર યોજવામાં આવી હતી. આ પ્રસંગે પ્રસિદ્ધ બહુચરાજી શક્તિપીઠના રંજનબા તથા વ્યંઢળ સમાજે જાતરમાં આસ્થાપૂર્વક ઉપસ્થિત રહી માતાજીના ગરબાના દર્શનનો લાભ લીધો હતો. ઘરઆંગણે યોજાયેલી જાતરમાં મહીયરની ચુંદડી નાટક રજૂ કરાતાં ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક કલાકારોને વધાવી લીધા હતા.

# વરસડાથી બાવલચુડી જવાના રોડનુ કામ રઝળ્યુ : વાહનચાલકો ત્રાહિમામ

**વિદ્યાર્થીઓ અને વાહનચાલકોને પડતી હાલાકી**

વડગામ તાલુકાના વરસડા થી બાવલચુડી થઈને છાપી તરફ જઈ રહેલો રોડ છેલ્લા ઘણા સમય થી જર્જરીત બની ગયો છે.જેનુ સમારોહ કામ પણ હાથ ધરાયુ છે.પરંતુ કેટલાક સમયથી કામ રઝળી રહ્યું હોવાથી રોડ પરથી પસાર થતા અનેક વાહનચાલકો તેમજ વિધાર્થીઓ સાથે આમ જનતા તુટેલા રોગથી તોબા પોકારી રહી છે.કામ પણ રઝળતું મુકી દેવાતા રોડ પર પાથરેલા મેટલ અને મરૂડની સાથે ધુળની ડમરીઓ ઉડતા અનેક લોકોને પરેશાનીઓ ભોગવવી પડી રહી છે.

વરસડા થી છાપી જવા ના માર્ગ પર આવેલા બાવલચુડી નજીક રોડ ખુબજ ખરાબ સ્થિતિ માં તુટેલી હાલત માં જોવા મળી રહ્યો છે આજુબાજુના રહીશો અને રાહદારીઓ અને વાહન ચાલકો માટે મોટા મોટા ખાડાઓ ના કારણે તોબા પોકારી ઉઠ્યા છે. લોકોને આજુબાજુના રહીશો ને ચાલવામાં પણ મુશ્કેલી અનુભવી પડી રહી છે.રોડની આજુબાજુ ખેતરો આવેલા છે ધુળની ડમરીઓ ઉડવાથી ખેતરોમાં ખેડૂતો ને પણ હાલાકીઓ વેઠવી પડે છે. રોડની બાજુમાં ગટરલાઈન ટુટી જવાથી ગટરનું ગંદુ પાણી દુર્ગંધ મારતું રોડની સાઈડમાં રેલાઈ રહ્યું છે.સત્વરે માર્ગ મકાન ના જવાબદાર અધિકારી ઓ રોડનું કામ પુર્ણ કરાવે તેવું આમજનતા ઈચ્છી રહી છે.

**દધાલિયા સીટ પર કોંગ્રેસના ઉમેદવારના પરિવારના**

# ૧૨ મત પણ ૧૧ મત મળતા ઈવીએમમાં છબરડોના આક્ષેપ સાથે કલેકટર કચેરીમાં ધામા નાખ્યા

અરવલ્લી જીલ્લામાં સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપનો ભવ્ય વિજય થયો છે જીલ્લા પંચાયત સહીત ૬ તાલુકા પંચાયત અને મોડાસા તેમજ બાયડ નગરપાલિકામાં કોંગ્રેસનો સફાયો થયો છે ત્યારે અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકા પંચાયતમાં દધાલિયા બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર અને તાલુકા પંચાયત પૂર્વ પ્રમુખ ભાવનાબેન પટેલને તેમના વતન કોકાપુર ગામ માંથી ૧૧ મત મળતા તેમના પરીવારના જ ૧૨ મત હોવાના અને ૬૨૬ નું મતદાન થયું હોવા છતાં કોંગ્રેસના ઉમેદવારને પરિવારના ૧૨ મત પણ નહીં મળતા વિવાદ સર્જાયો છે. અરવલ્લીની દધાલીયા તાલુકા પંચાયતના કોંગ્રેસના ઉમેદવારને પરિવારના ૧૨ મતમાંથી ૧૧ મત મળતા, ઈવીએમમાં છબરડા થયા હોવાનો આક્ષેપ કર્યો છે.જીલ્લા કલેકટર કચેરીએ કોંગ્રેસના ઉમેદવાર, અગ્રણીઓ અને તેમના સમર્થકોએ મત ગણતરી પૂર્ણ થયા બાદ કલેકટર કચેરીમાં ધામા નાખ્યા છે કોંગ્રેસના ઉમેદવારને મત આપનાર મતદારો તેમનો મત ક્યાં ગયો તે અંગે તંત્રને પૂછી રહ્યા છે.

કોંગ્રેસના ઉમેદવારને કોકાપુર ગામમાંથી ૬૨૬માંથી માત્ર ૧૧ મત મળ્યા એટલે ઈવીએમમાં છબરડા થયા હોવાનો આક્ષેપ કર્યો છે. વધુ મળતી માહિતી મુજબ, કોંગ્રેસ ઉમેદવારના ચૂંટણી એજન્ટે જણાવ્યું કે કોકાપુર ગામમાં કોંગ્રેસના ઉમેદવારના ઘરના ૧૨ સભ્યોએ મતદાન કર્યું હતું અને ૧૮૮ જેટલા કોંગ્રેસના કાર્યકરોએ પણ મતદાન કર્યુ હતું, પરંતુ આજે ઈવીએમમાં મત ગણતરી દરમિયાન તેમાંથી માત્ર ૧૧ જ મત નીકળ્યા છે. જેથી કોંગ્રેસના ચૂંટણી એજન્ટે ઈવીએમમાં છબરડા થયા હોવાનો આક્ષેપ કર્યો છે.

જ્યારે કોંગ્રેસના કાર્યકરનો આક્ષેપ છે કે કોઈ રાજકીય પાર્ટીએ ઈવીએમમાં ચેડા કર્યા છે, આ ચૂંટણીમાં કેવી રીતે મત ગાયબ થઈ જાય? મારી માગ છે કે અરવલ્લી તાલુકા પંચાયતની ચૂંટણી રદ થવી જોઈએ અને ફરીથી બેલેટ પેપર પર ચૂંટણી થવી જોઈએ.

# સાબરકાઠા જિલ્લા સેવાસદનમાં કલેકટર ડૉ.રાજેન્દ્ર પટેલ દ્વારા લિફ્ટ સુવિધા ખુલ્લી મુકાઈ

**બહુમાળી ભવનમાં આવતા દિવ્યાંગો, અરજદારો તથા કર્મયોગીની સહુલિયતમાં વધારો થશે : ૬૫ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલ બે લિફ્ટમાં ૨૬ લોકો એક સાથે આવાગમન કરી શકશે**

હિંમતનગર તા.૦૩

સાબરકાંઠા જિલ્લાના બહુમાળી ભવનમાં કચેરીકામ અર્થે આવતા દિવ્યાંગો, અરજદારો અને કર્મચારીઓની સુવિધા અર્થે રૂ. ૬૫ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલી લિફ્ટ સુવિધાને જિલ્લા કલેકટર ડૉ. રાજેન્દ્ર પટેલે રીબિન કાપી ખુલ્લી મુકી હતી. માર્ગ મકાન વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલી એક લિફ્ટમાં ૧૩ અને બીજી લિફ્ટમાં ૧૩ મળી કુલ ૨૬ લોકો એક સાથે આવા ગમન કરી શકે તેવી અધતન સુવિધા ઉભી કરવામાં આવી છે.

જિલ્લા સેવા સદન સ્થિત વિવિધ કચેરીઓમાં આવતા દિવ્યાંગો, વૃધ્ધો તેમજ અરજદારો અને કર્મચારીઓની સહુલિયતમાં



વધારો થશે.

લિફ્ટ સુવિધાને ખુલ્લી મુકતા સમયે અધિક કલેકટર એચ.આર.મોદી, માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર એસ.જી.પટેલ, મામલતદાર તરાર તથા કર્મચારીઓ ઉપસ્થિ રહ્યા હતા.